गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १००५ वर्गांक

पुस्तकनुं नाम લીલાવતી નાટકનાં
ગાયનો

विषय ૮ : ૨-૬

શ્રી નવીન.

વીણાવેલી નાટકનાં ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રીના.

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચનાર,

હુમ સાશર શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી

પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી. ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.

આવૃત્તિ ૮ મી.

(પ્રસિદ્ધ કર્ત્તાએ સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે માટે પ્રસિદ્ધ કર્ત્તાની રજા સિવાય કોઇએ છાપવું છપાવવું. વેચવું વેચાવવું કે ભજવવું નહીં.)

અમદાવાદ.

ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં

હરીદાસ છગનલાલ પરીખે છાપ્યાં.

સંવત ૧૯૬૦—સને ૧૯૦૪

કીમત રૂ. ૦-૨-૦ (બે આના)

જાહેર ખબર.

આ ઉપરથી જણાવવામાં આવે છે કે, અમારા નાટકોના ગાયનોનો કોઈ પણ ભાગ, અગર કોઈ પણ ગાયન કોઈ માણસે અમારી રજા, સીવાય છાપવો, છપાવવા કે વચો, ભજવાવવો, નહીં તેમ છતાં કોઇ પણ માણ અગર નાટક કર્તાઓ વગેરે ભજવશે, ભજવાવશે, છપાવશે તો કાયદેસર ઈલાજ લેવામાં આવશે.

લી. ચંદુલાલ દલસુખરામ ધોળશાજી. ઝવેરી.

શ્રી દેશી નાટક સમાજ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય ૧૦૦૫
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

સને ૧૮૬૭ ના ૨૫ માં એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી છે.

श्री शान्तिनाथाय नमः

શ્રી વીણાવેલી નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્ર. ૧ લો—શ્રી ચંપાગઢમાં કુંભારને ત્યાં ભજન થઇ રહ્યું છે. કઠીઆરો ભારો લઈ આવે છે. વિસામો ખાઈ ભારો નાખવા જાય છે. કુંભાર ચાક ઓશીકે મુકી તથા ગધેડું પગે બાંધી સુએ છે. રાજા રાયસિંહ નગર ચર્ચા જોતો ત્યાં આવી ચઢે છે. કુંભારનેજ જગતમાં 'સુખે સુનાર' સમજે છે.

પ્ર. ૨ જો—શેઠ ઓઘડશા અને મોઢે ચઢાવેલો દીકલો, મ્હેતો. પાછળથી કઠીઆરો શેઠનો ભ્રષ્ટ ઘાનત.

પ્ર. ૩ જો—રાયસિંહનો બગીચો. 'સુખે સુનાર' કુંભારની યાદગારીમાં દુહો લખે છે. રાયસિંહની દીકરીઓ વીણા તથા વેલી. અભણ વેલીનો ભણેલી વીણા સાથે વિવાદ ગરબો દુહાના જવાબમાં 'જે ઘેર નાર સુલક્ષણી તે સુખમાં સુનાર' વીણા લખે છે. ધમલો નામે માળીનો છોકરો વેલી કુંવરી ઉપર પ્યારની ચિઠિ મોકલે છે. ચિઠિ લાવનારને તમાચાનો માર. રાણી રાયસિંહ. પાસેના ગામનો ઠાકોર જાલમસિંહ વેલીનું માગું કરવાના વિચારથી જાનેજ

જોશીનો વેશ લઇ આવે છે. જાલમસિંહનો તિરસ્કાર રાયસિંહ જવાબનો દુહો વાંચી વીણા ઉપર ગુસ્સે. રાણી ચડાવે છે.

પ્ર. ૪ થો—જાલમસિંહ અને તેવોજ વેલીને પરણવાની ઇચ્છા રાખનાર ઠાકોર વજેસિંહ. ગામોટ જોશી. રાજકુમારના ઉપનામથી ઓળખાતો ધમલો માળી. તેની ડોશી. જાલમસિંહ, તેને. જોધપુરના કુમારને નામે ઓળખાવી, વેલી તેની વેરે વરાવવાનું કપટ રચે છે.

પ્ર. ૫ મો—રાયસિંહ અને વીણાનો વિવાદ. રાણી ચડાવેછે. રાયસિંહ વીણાને ગમે તેવા વર, સાથે વરાવી દેવા ધમકા આપે છે. પોતાની વિદ્યા અને ચતુરાઈના બળે સ્વામીને સુધારી 'સુએ સુનાર' બનાવવાની પાકી આસ્થાવાળી વીણા અભિમાનથી બાપ સામે બ્હાદુરીથી બચાવ કરે છે. 'જોધપુરના કુમાર પધારે છે' એવો જાલમસિંહ તરફનો સંદેશો પ્રધાન લઇને આવે છે. રાયસિંહ વેલી કુંવરી તેના વેરે વરાવી દેવાનો વિચાર કરે છે. રાણી ગર્વથી ફુલાઇ જાય છે.

પ્ર. ૬ ઠો—ઢોંગી ધમલો માળી જોધપુરના કુમારના વેશે. રાણી અને વેલી તેની વાંસે ગાંડા. વેલીને વરાવી દેવા રાયસિંહ અને રાણીની અધીરાઇ. ચાંલ્લો ધમલાને કરે છે.

પ્ર. ૭ મો—વેલીને ધમલા સંબંધી વીણા ચેતાવા આવે છે. વીણાનો તિરસ્કાર. વેલી અને સંગીત શિક્ષક ઉસ્તાદ તાનતોલખાં.

પ્ર. ૮ મો—કડીઆરો. રાયસિંહનો સીપાઇ કડીઆરાને નવારસીઓ જાણી કચેરીમાં પકડી જાયછે.

પ્ર. ૯ મો—લગ્ન મંડપ. વેલીને ધમલા સાથે વળાવે છે. વીણાને કડીઆરા સાથે વળાવે છે.

—:o:—

અંક બીજો.

પ્ર. ૧ લો—ધમલા માળીના ઘરના આંગણામાં તેની ડોસી સ્ત્રી, મથા બેશાં. સાસુ વહુ. ધમલો લડાલડ અને છાજીઆ

પ્ર. ૨ જો—તંબુમાં વેલી. પછીથી ધમલો. ડફાંસ. ડોશી. જાલમ સિંહ. પોગળ ઉઘાડું પડવું. જાલમસિંહ તાનતોલખાંને લાલચ આપે છે તે વેલીને તેડી જાયછે.

પ્ર. ૩ જો—વીણા અને કડીઆરો. લાકડાંની ધુણીના સુગંધ બાશ સંબંધી વાતચિત. શેઠને ત્યાં હિસાબ સમજવા જવું

પ્ર. ૪ થો—ઓઘડશા શેઠ. કડીઆરો. વીણા સોદાગર વેશે. ભજન. મોઢે ચઢાવેલો ટીકલો પોગળ વેરી નાંખે છે. વીણા જાહેર પડે છે. અડધો અડધ દોલત આપવાની પંચાત.

પ્ર. ૫ મો—જંગલમાં નદી કીનારે. તાનતોલખાં અને વેલી ઉચેલા. જાલમસિંહ ઠરાવ પ્રમાણે આવે છે. ઉસ્તાદને મારી નાંખવા પથરો ઉપાડે છે. સાપ નીકળી જાલમસિંહને સપડાવે છે. ઉસ્તાદ અને વેલી નાશી છુટે છે. વીણા કડીઆરો. કડીઆરો જાલમસિંહને બચાવે છે. વીણા સિદ્ધ-

પુર જવાનું કહે છે. હરામ ઘાનતનો જાલમસિંહ પૂરો થાય છે.

પ્ર. ૬ ઠો—સરસ્વતીનો કીનારો. કઠીઆરાની જાતનો વીણાને સંદેહ પડે છે. ક્રિયા કરવા જાય છે. માતુશ્રાદ્ધ કરવા આવેલ જોધપુરના રાજા જયસિંહનો ઘણા વર્ષ ઉપર વિનાવાંકે તજી દીધેલી ગર્ભિણીતી સોઢી રાણી માટે શોક.

પ્ર. ૭ મો—વીણા અને કઠીઆરો ગોરના ઘરમાં માદળીયાનું વાંચવું. કઠીઆરો જોધપુરનો કુમાર નિકળે છે. જોધપુર જવા તૈયારી કરવા વીણા જાય છે. જાલમસિંહ હરામખોરો પાસે કેરા સુંઘાડી બેભાન બનાવી કઠીઆરાને ઉપડાવી મોકલાવે છે. વીણા ઉપર બદ દાનત જયસિંહ આવી ચડે છે. જાલમસિંહ નાશી જાય છે. વીણા જયસિંહ સાથે જોધપુર જાય છે.

પ્ર. ૮ મો—જંગલ. કઠીઆરો ને હરામીઓ. કઠીઆરો બચી જાય છે.

પ્ર. ૯ મો—ધમલો સરસ્વતી તીરે જોગી. જાલમસિંહ બન્ને ખાવા અને કાવા દાવા.

પ્ર. ૧૦ મો—જોધપુર વીણા, જયસિંહનો વિવાદ. **રાજકઠીઆરાની** વાતની સૂચના.

પ્ર. ૧૧ મો—ગોરને ત્યાંથી ખબર મેળવી જોધપુર આવેલો કઠીઆરો—અમરકુમાર—ઢંઢેરો રાજકઠીઆરાની વાત કહેવા કચેરીમાં જાય છે.

પ્ર. ૧૨ મો—કચેરી જોધપુરની. પડદામાં વીણા રાજકડીઆરાની વાત. બાપ દીકરાનો અને પતિ પત્નીનો મેળાપ. હરામી જાલમસિંહ અને ધમલો વેરાગી વેશે. વીણાને ફસાવવા ઠરાવ—નાચ.

—:૦:—

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—ધમલો અને જાલમસિંહ જોગી વેશે. વીણાની દાસી મારફતે ડાબે પગે ત્રિશળ ખપ્પરનું નિશાન કરવાની પેરવી. જયસિંહ અને અમરસિંહને વીણા દેશને ખાનારી ડાકયણ છે એવો વ્હેમ પાડે છે બાપ દીકરા અને સાથે જાલમસિંહ પગે નિશાન જોઇ ખાતરી કરવા જાય છે.

પ્ર. ૨ જો—વીણા સુતેલી. દાસી નિશાન કરે છે. બાપ દીકરાનો ગભરાટ. વીણાને જોગીએ આણેલી પેટીમાં પેસાડી પેટી દટાવી દેવડાવવા ઠરાવ. વીણા અને અમરસિંહ સંવાદ પેટીનાં પેમનું.

પ્ર. ૩ જો—ધમલો અને જાલમસિંહ. ચોરને ઘેર મોર. એક બીજાને ઠગવા વિચાર. પેટી આવે છે. ધમલો ઉઘાડી વીણાને જગાડે છે. વીણા ધમલાને ઉપદેશ દઇ સુધારે છે. બન્નેનો જાલમસિંહને ફસાવવાનો ઠરાવ અને ફસાવવું, પેટીમાંથી માંકડાં. જાલમસિંહનું પેટીમાં પૂરાવું.

પ્ર. ૪ થો—વેલી અને ઉસ્તાદ તાનતોલખાં નાચનારી બનાવે છે

પ્ર ૫ મો—અમરસિંહ, દાસી નિશાનની વાત જાહેર કરે છે. અમરસિંહ આપઘાત કરવા તૈયાર. વીણા અને ધ્રમક્ષો જોગી વેશે. વિવાદ. પ્રાયશ્ચિત કરવા અમરસિંહનો ઠરાવ, પેટીમાંના શાલીગ્રામપાસે પ્રાયશ્ચિત. હરામી જાલમસિંહને બાંધી ડુંગર ઉપરથી ફેંકી દેવાનો હુકમ. પતિ પ્રિયાની ઓળખાણ. પોતાના બાપ રાયસિંહને તેડવા વીણાની માગણી.

પ્ર. ૬ ઠો—વેશ્રી અને ઉસ્તાદ.

પ્ર. ૭ મો—કચેરી રાયસિંહ આવે છે અમરસિંહને જોઈ હુકમ, ધ્રમક્ષો માળી ચોપદાર. વીણા આવે છે. વેશ્રા નાચનારી. રાયસિંહનોં પશ્ચાતાપ. વેશ્રીની જોગણ થવાની માગણી. છેવટનો આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.

રાયસિંહ	ચંપાગઢનો ઠાકોર.
જયસિંહ	જોધપૂરનો રાજા.
કુંડીઆરો	અમરસિંહ નામે જોધપુર-ના રાજાનો કુમાર.
જાલમસિંહ	ચંપાગઢ પાસેના ગામનો ઠાકોર.
વજેસિંહ	તેવોજ બીજો ઠાકોર.
જમલો...	માળીનો છોકરો.
તાનતોલખાં...	નીચ ગવૈયો.
વીણા	રાયસિંહની મુએલી રાણી-ની પુત્રી.
વેણી	રાયસિંહની હયાત રાણીની પુત્રી.

પ્રધાનો, રાણી, દાસી બાવા, વિગેરે વિગેરે.

સ્થળ—ચંપાગઢ, સિદ્ધપૂર, જોધપુર.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

વીણાવેલી નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર—નટીઓ,—

શંકર ! શિવશંકર-ચિન્તા તું પરિહર,
ભૂતાદિનાથ ! જગનાથ ! હે જીનવર શંકર,
ચિન્તામણિ ચરણ શરણ છે ચિંત વિષે,
ત્રાતા નિવાર તાપ ત્રય ભયંકર—શંકર૦
ઘટઘટ પ્રગટ તું પોતે સદા રહે,
કૈવલ્ય શાલી ભજીએ ૐ દિગંબર—શંકર૦

નટીઓ—

નહિ કર્મની કથા કદાપિ વ્યર્થ જનારી,
પતંગ રંગની પેઠે પલકમાં ફરનારી—
દશાની દડી ચઢી ચઢી ઘડી ઘડી પડે
દશાનું ફુળ ખૂબ ખોલીને ઝટ ખરી પડે—
દોલત અને દમામનો ગુમાન નકામો,
જાદુથી જયાદા છે ખરે દશાના દમામો—

અંક પેહેલો.

કુંભાર વિગેરે— ૧

કોઈ સંત વિરલે જાણીસું—બાઇ વાતું છે ઝીણીસું,
મોટા જન જંજાળે ઝુલે—દુખ પામે પામર પ્રાણીસું—
મોટા કુવાડા કાંઇ ન કાપે લોહું કાપે છેણીસું—
વેળુમાં તો ખાંડ વેરાણી—વીણી કાઢે કીડીસું.
પાણીમાં તો દૂધ ભેળાણું—પામી જાશે હંસીસું—
જ્ઞાની ઝઘડે ગોથાં ખાતાં—સુધે શિવપદ સાધીસું.—

રાથસિંહ— ૨

જેને ચિન્તા નથી ચિતમાં લગાર બાર,
પામ્યો સંસારે તે સુખનો સાર સાર—જેને૦
રાજ્યપાટ નથી એને કોડી કામનાં.
માળા મ્હેલ મન તદન ન કામનાં—પામ્યો૦
સમજે ચિત્ત, નથી ચિરકાળ જીવવું;
ખાવું તેટલું રળી ખુશીથી ખરચવું;
સંતોષે રહેનાર નર સુખી સરદાર—પામ્યો૦
માયા મુકી પડી એક પડી ઝુંપડી;
પ્રપંચ રંચ નથી માન પાન ખુંમડી.
સાબાશ ! ગરીબ ! તારો દેવ અવતાર—પામ્યો૦

ઓધડસા—દીકરો— ૩

એહં કેવો જીત્યો હુંબા કેવો જીત્યો,
બાપા કેવો જીત્યો, લેર લેર લ.

હું તો વર લાડો. ને ઘોઘર બલાડો
બાપા અન્યા લાડી ઘીની ફોડું ન્હાડી—હેરે૦
કેવું આ થઈ ગયું છોકરૂં તો ચાવળું;
ક્યમ રાંડ હેડંબા હેંડે ઉતાવળું ?
બેટોરે પાક્યો વાહ કેવો બ્હાદર,
બાપા બાળોવર ચાલું હું અદ્ધર;
બેશ અક્કરમી બેટા—વડ તેવા·તેટા—એ હે ?

સુખે સુએ સંસારમાં ભાગ્યવંત કુંભાર !
ચિંતા બાંધી ચાકડે. ધન્ય ! ધન્ય ! અવતાર !

વીણા-વેલી— ૪

લચકાતી મદમાતી બેની ! તાંરી બંલિહારી
ફુલી ફાલી જાણું આલી ! મદનની ફુલવાડી.
વારૂ વારૂ આવાં વેણ બસ બોલમાં—લચ૦
ખરૂં રૂપ સ્રીનું નથી ખાલડામાં.
ઝવેરી જુએ રૂપ નહિં દાબડામાં;
કેરી કેરીરસ કોણ કહે છોતરાં !—લચ૦
રહ્યાં કાય ડબ્બે કયા ગુણ રત્નો,
જુએ ગુણવંતો કરીને પ્રયત્નો;
અંગીકાર કરતા પછીથી રમા—લચં૦

૫—ગરબો.

ઉગ્યો સખી ! સહિનો શૃંગાર હાર,
ચાહ્ય ચાહ્ય જોવાને ચંદ્રમા.

જોને પ્રેમઘેલી ભૂમિનાર દેદાર
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં-ઓહો—
ધન્ય ! ધરાસુંદરી ! તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત,
શાન્તિપાઠ પઢાવતો સાધીને એકાન્ત.
ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરેરે;
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાન્તિ ચિતે સ્મરેરે,
ધરોને બ્હેન ! ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતિથી કરો સંસાર સુધારસ પાન—
ચંદ્ર સુખે ચીડાઇને, તારાના મુખ શ્યામ;
સદગુણીનું સુખ ભાળીને, રમે દુષ્ટના રામ.
સખી ! જેને પતિનું માન-તેનાં ગાંધર્વ ગાયે ગાન;
પામે દેવી સમાન સન્માન-રમે રામા રસિક લઈ તાન,
ધરણીનાર સમ ગ્રહણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્ર સમ ધણી મળે, જય ! જય ! ત્યાં ઉચરાય.

ધન્યવાદ લખનારને ખરે ખરો કુંભાર,
જે ઘેરે નાર સુલક્ષણી તે સુખમાં સુનાર.

દાસી— ૬—છંદ.

મદ ભરી રસીલી મમ માલતી, રદય સુંદર મંદીર મ્હાલતી,
ચતુર ચાંદની ચાતુર બાળતી, પરમ પ્રેમની હોળી પ્રજાળતી
સિતળ નો જળભુતળ બાળશે. જગત કયાં જઈ તાપજ ટાળશે
મધુર દષ્ટિથી દાસ નિહાળશે, ભવભવ સુખ ભામિની ભાળશે,

૨૦ રાણી— ૭

હા ! માનેલી માતેલી છકેલી છોકરી, તારૂં ઉતારૂં ગુમાન
હા ! ચઢીને ચઢી તું છેક ચઢી. ભૂલી નાના મોટાનું એ ભાન—
પ્હેલાં પાણી પીને ઘર પૂછે પછી, એ તો મહા અણજાણ—હા૦
લાડ લડાવીએ બાળપણે પછી બાળ કરે અપમાન;
પાળીએ, ભૂલી ભાન, કદાપિ શ્વાન, સ્હેવું નુકશાન;
થાય કુગાત્રન પ્રીતિનું પ્રાત્રજ, રહેશે આખો ભવ દુ:ખનિધાન—

ધમલો— ૮

બનું હું ફાંકડો એ ભામાનો ભરથાર—ઓહો૦
નમાવું આંકડોને કરૂં તાબેદાર—વાહુ વાહુ૦
બનું હું વાંકડોરે—સાધી લઉં તાકડોરે—બનું૦
કુંવર બનું અલબેલો અપાર, જુઠામાં આજકાલ દીઠોછે સાર,
પોલંપોલા ગડબડગોળા હુંબા એતો વાહુંવાહું વાહુ—બનું૦

વીણા— ૯

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે;
ખરે જેમ પીંપળ ઉપર પાન—પલકમાં ખરી જશેરે;
પલકમાં ખરી જશેરે—માટીમાં મળી જશેરે—અરે૦
ઘડી જીવતરમાં ઘડી એક સુખની નાઆ.......રે નથી;
મૂઢ મમતમાં તોયે મરતા આઆ........રે મથી.
પામર નર નાદાન—અરે શું૦
કાયા કલેવર કારમુ છે ગંદકીનો ગાડવો;
સમજુ જને સમજી જઇ અભિમાનને વણસાડવો.

અભિમાન ક્ષુંધરને નહિં દુ:ખ પાઇને પે'ખાડવો;
રાવણ સરીખે માનથી લીધો નથી કંઇ લાડવો—અરે૦

કવ્વાલી— ૧૦
એ જો કૌતક જગનું કામ સધાયે ઠગનું;
સાચું વા ખાય, ને પાખંડી પૂજાય, ખમા ખમારે થાય જો૦
સાચો કુટાય, અને જુઠો મનાય, પોલ'પોલ ચાલ્યુ જાય—જો૦
પોપટ પૂરીને પૂરૂં પાંજરે ન પાણી પાય;
આમ કહીને દુધ સાપને તો દેવા જાય.
દુનિઆ !—દુનિઆ !—મ્હારે વાહ દુનિઆ !—
બકરાંની ઇદ દેખી વાઘની નહિં ઇદ થાય;
ઘરના તો ચાટે ઘંટી બંટી બાવાજી ખાય;
ગરીબ રહે હાથ ઘસતા; મારતા મીયાં પૂછાય—દુનિ૦

ઠાલીઓ— ૧૧
કેવું રૂડું પતિનું નામ છે—સતી જગતાણીને સીતારામ છે
ગાંટ્યા તેમાં સતીનાં ચારે ધામછે, પતિપ્રભુનાં નામને પ્રણામછે
રસવેલીનો સખો સમજી લેજે સુંદર વર આરામ:
વનિતા દુખ દાવાનળનો જાણો વલ્લભ છે વિશ્રામ કેવુ૦
ઝુલજે રસઝુલે સખી ! સુંદર વર સંગાથ;
અમે શિખવીએ કેટલું, શિખવે સૌ રતિનાથ
ઘેલી ભમરી !-ભોગીને વરી;મદની ભરી રહેરે ઠરી હાંહાં-

અનતોલખાં— ૧૨
ઘુંઘટકે ગોંજમે—સાંવરેને માનુ હો ઘુંઘટ

એક તો નેનાં રસીલે—તામેં કાજલ કીનો,
બાંકે નેનાંવલી હો—ઘુંઘટકે૦
મેંઢા દીલ મોતી હુઆ, તુજ કાનું બાલીકે સાથ,
કયા મઝા દેતીહે મીસ્સી પાનકી લાલીકે સાથ—

વેલી-ધમલો— ૧૩

ચાલો મારા ચતુર સુજાણ હાં. હાં
મારો નહિં નયનનાં બાણ હાં હાં
કાળજે ઉતારી તારી મૂરતિ રસિલા પ્રાણ—ચાલો૦
ઘાયલ કીધો ત્હેં પ્હેલાં ધુતારી મારી નયનનો માર
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેવટ નાજુક નાજુકડાંમાર્યો ત્હેં હાય હાય
ઠાર ઠાર,
રસિક વર માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર—કાળજે૦

કઠીઆરે।— ૧૪

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ
ભારો ત્યાં લગી જાણજે, જયાં લગી શ્વાસોશ્વાસ
સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઇએ,
રાખે જેવી રીતે રામ, રંગે તેવા રીતે રહીએ—સદા૦
પીંપળ પાન ખરંત. હસતી કુંપાળીઆં
મુજ વીતી તુજ વીતશે, ધીરાં બાપડીઆં
નહિં જેવીને તેવી નિત્ય કોઇની નભતી જોઇએ;

દશાના ઢંગ ૠતુના રંગ જેવા દેખી લઇએ—સદા૦
કદી મ્હોલાતો માળીઆં, કોમળ છપ્પર ખાટ;
કોઈ દિન એવો આવશે ભુખ્યાં ન મળે ભાત—સદા૦

દાસાઓ— ૨૫

અલબેલી આજરે સાસરે જાય,
સોભાગ્યે સાગરને નદી સમાગમ થાય;
સાહેલી સંગીરે ઉમંગી જણાય,
દેખીને સાકરને દુધ ઢળી મળી જાય.
સજની મારી સાસુ સસરાની સેવા સારજેરે—સ૦
પર નિંદા ક્લેશેથી વારજેરે
સજની મારી દીયર દેરાણી બીક ભાગજેરે—સ૦
જેઠ જેઠાણી પગે લાગજેરે.
સજની મારી નણંદીને નાની બેહેન ધારજેરે સ૦
લજ્જા તું કુળની વધારજેરે.
સજની મારી પતિને પ્રભુ અવધારજેરે—સ૦
રે સોભાગ્યવતી તુજ પગલે ઘર ઘર મંગળ થાય:
જગમાં પીયર સાસરીઆંની બલિહારી બોલાય.

ટપ્પો.

અંક બીજો.

બેરીઓ— ૧૬

જેનો પીયુડો તે પરઘેર જાય બળ્યો જન્મારોરે
સખી દુખ દરિયાનો કેમ આવે આરોરે
વાલમ ઉંડે કુવે ઉતારી પોતે વરતજ વાઢેરે
બાળા બિચારી કોને કેને આવે કોણ બાઇ આડે,

૧૭

ડોશી–ધમલો–પાડોશીઓ–ભાનુકી–

પીટયે ઘોળામાં ધુળ ઘાલી–કન્યા કુવે ઉતારી
લેઉં તારા નામના હું છાજીયાં—
લાજ બધી લુંટાડી, પીટયો પાકયો અનાડી
આથી રહ્યાં ન કેમ વાંજીઆં—
સું મૂરખા બોલો બોલી, મારા હૈયામાં સળગાવો હોલી
સું કરવાના હરીઓ ડોલીરે–લઉં છાજીઆં.

વેલી— ૧૮

ઓહો મારી સાહ્યબીનો કંઇ પાર–અરે હું તો મ્હોંચી પાર પાર.
રસિલા કુમાર રાજ્યના આધાર–મારા તો છે તાબેદાર
ભવ્ય ભુવને મ્હાલશું–દિવ્યભોગ ભાળશું
ઠાકરની પણ ઠાકર લાખો ચાકર તો તૈયાર
ખમા બાઇને ખમા ખમા બોલે હાજર તો હૈ. ર–મારી૦

મગન મંગન રાત દીન લગન લાગી જળને મીન—
ચતુર સંગ ચાલશું હાથ ગળે ઘાલશું;
ગજરા લ્હેરાવશું નેનમાં નચાવશું—
અહો અહો અહો અહો હું તો પામી જીંદગીનો સારસાર

વેણી— ૧૯

હું આંધળી માનમાં અઇ મરીરે
હાય સાંભળી વાતને નહિં જરીરે—
હાય જાણીને જાતના કુવે પડીરે
મૂર્ખ માને આપે આણી આધડીરે—
હાય કામના દીવે પતંગીઆં થઈ પડેરે
હાય જીવતાં આમે નર્કમાં સડે રે—

વીણા— ૨૦

રે મન ભમરા શું ભમાવે
આપે બતાવ્યો નાથ મુગટમણી—
લાખો જનને લલચાવે—રે૦
કાળા કે ગોરા પ્યારા કરમે કરેલા આ છે.
સતીને શીદને સતાવે—રે૦
પાપી પવન લ્હેર ભલે ભટકી તું ખાજેરે વનવન.
સ્વામીને જોજે જગાવે-સાહ્યબાને જોજે—રે૦

વીણા— ૨૧

કાંઈ નથી સુખસાધન ધનમાં સાપ બહુ વસતા ચન્દનમાં
સ્વામીજી સુખી વસે વનમાં—કાંઇ૦

સાહ્યબી શી શંકરની છે પાર્વતી કંઈ સુખીયાં કમ છે
લોક તો મૂરખ એકદમ છે—ગોળ ખોળની નહિ કંઈ ગમ છે
વૈભવ ઝાંઝવાનાં જળ છે સ્વામી ભવનમાં—કાંઈ૦

કડીઆરો— ૨૨

જગતમાં તે નરને ધિક્કાર—તજે જે પરણી ઘરની નાર
ભગાડે મૂરખ તે સંસાર, ભેળવે દીવેલમાં કંસાર
અરે કેમ હાથ પડેરે અરરરરરર સુંદરી ઘર શણગાર
ફુળી કુમળી કેમ ઉપાડે, કોવાડાના માર
ગુલાબના ઢગલામાં શોભે ધગ ધગતા અંગાર
અંગ આપણું અબળા કહિએ,કહો ભાઈ અંગ તજીને રહીએ
અરરરરરર કોણ ઠાર—જગતમાં૦
ભળે કેમ કેસર કાવામાં, લસણ તણોરે વઘાર
મધુર કળીમાં ડુંગળી ગુંથે હીણભાગી સરદાર
કુસુમ કળી ભાઈ દીપે કરમાં ખુંદે કળીને છાડી છરમાં—
અરરરર કુંભાર

કડીઆરો—વીણા— ૨૩

પધારો સોભાગી નાર, દાસી પ્રીતમ તુજ પાયની
સુંદરી હૃદય હાર, છાયા છબિલા તુજ કાયની
ઓ ભાગ્ય દેવી મમ ભામા
રમા હૃદય મંદીરે રામા
ભોળા મારા ભરથાર, શાણા શીર સરદાર....દાસી

સદા પ્રીત પ્રિયાના અન્નદાતારે—પતિ દેવાને અમે ખાતારે
રહીએ પતિવડે રંગ રાતાંરે—વાહ વાહરે આ........
મારા ભાગ્યના ભંડાર—
લુંડી છું આ........મારા પ્રાણના આધાર—દાસી૦

વીણા—કઠીઆરો—   ૨૪

ધન્ય તમને (૨) ભૂલાવી ભમાવી ભોળાને ભોળવો
ધિક્ તમને (૨) દબાવી પટાવી થાપણો ઓળવો.
રહેસે ભરૂસે જે તમારે પ્રથમ મારો ઠાર (વાહ વાહ)
પાઈ સારૂ ધર્મ વેચોરે ભરે બજાર
ચોરોના ચોરો તમે, લુચ્ચાના લુચ્ચા તમે ખુનીમાં
ખુની તમે—ધિક૦
ના મળે વિશ્વાસી તો ઉદાસી દિલ થનાર;
પાપ માજમ ખાઇ માજન મસ્તીમાં રહેનાર;
શાહુકારીનો ભલો આ તો બતાવ્યો સાર—

વીણા—કઠીઆરો—   ૨૫

વાહ વાહરે છબીલા છોગાળા છેલ
છો મારી રસીલી રસની રેલ
ઠીક ચઢાવા કરો તાલમેલ—છબીલા૦
બાળા કમળને અમે ભ્રમર ઘડી ઘડી અકળાવશું;

પાખંડી પ્રેમદા બેસી રાતદીન ડોલાવશું;
વ્હાલથી વ્હાલા વધાવી રહેલ,
કમળ નિત્યે ખેલાવશો ખેલ--છબીલા૦

જયસિંહ-- ૨૬

દીસે સુન્ય સંસાર ના કાંઈ જણાય
પ્રિયા નામનો નાદ ઘટમાં ઘુંટાય—
પ્રિયા કયાં અરે કયાં પ્રિયા હાય. તું કયાં
જાસુ ખોળતો ભામિની હાય જયાં ત્યાં-દી૦
જપું જાપને હું ધરૂં ધ્યાંન હાય
પ્રિયા સિદ્ધિ તોયે પ્રગટ નહિં થાય
સ્મરી સુંદરીને રદય હા ચિરાય
ગતિને મતિનો પુરો ભંગ થાય-દી૦

વીણા— ૨૭

આ તનમન ધન અરપણ તમને નાથજીરે
સુંદરી સોંપ્યું મસ્તક તે સંગાથ-જીરે
તરૂવર વેલી પેઠે ભીડીએ બાથ જીરે
વન ઉપવનમાં રમશું સાથે—નાથ ચરણ ધરી ચાલુ માથે
તન સરવર પરરૈ રાજહંસ—આ૦
અવગુણ અમમાં હજાર—ભરથાર તમને છે ભાર
વણમુલે મીઠાં વેણે છું વેચાણો વ્હાલી—આ તન૦

કઠીઆરો-વીણા— ૨૮

ઓહો વ્હાલા, વ્હાલા લાલા, રસીલા રાજન કામણગારા
રે ઠકરાળા, મદનમાળા, પ્રીતિની શાળા ચાતુરવાળા
અહા કેવી કીધી વિધિએ દયા
જુઓ ઘેર બેઠે ગંગાજી ગયા વાહ વાહરે વાહ—
ડગી મગી જઈ મુરખ માનવ આકીન મુકતા
ચપટી ચણે રાચી અમ્રત પાન થુકતા
કઠણ કર્મની કસોટી ચપળ ચૂકતા
ગાણી સુલક્ષણી રસ અમૃતની ધારસતી શણગાર
રસના સાગર મારા જીવન આધાર—રદયના હાર-

કઠીઆરો-વીણા— ૨૯

પાતળીઆ પરિશ્રમદ્યો શાને પોઢોને મારા સમ મારા સમછે
ચાલોને ચપળા આવું હું આટલે, નાજી-મારાસમ મારાસમછે
ચિન્તાને ટાળવી પુઠન ભાંળવી, લુંડીને પાળવી,
આ……પ્રાણપતિ-મારી વતી—પાતળીઆ
(રસીલી તું તો રોજ હસ્તીને હસ્તી)
(સતી પાસે છતાં પતિને હોય કે તસ્દી)
અલબેલી રાખે રમણ સુખી-વાહરે તેને ધન્ય તેને ધન્ય છે
પતિની ઉદાસી ટાળી રહે દાસી—સતી પ્રીતિ પ્યાસી-
આ……શાણી સતી- ભાગ્યવતી—પાતળીઆ૦

(ચાહ્ય ચાહ્ય તોયે થોડેક આવું)
(જાઓ ત્યારે મારેજ નથી જાવું)
તારા જેવી સતી સુંદરી પામે વાહરે તેને ધન્ય લાખો ધન્ય છે
મોહનની માળા, જપે બેઠી બાળા, છબીલા છોગાળા,
આઆ......................શાણી સતી—પાતળીઆ૦

વીણા— ૩૦

સુંદર શામળીઆ, નામ જપીશ નિત્ય તારૂં.
મનહર ના મળીઆ કાશી કરવત ધારૂં
શામળા શણુગાર હમારા, કાળજું હર્યું કામણુગારા
વિનવે કરગરી દીન દારા, દર્શ દ્યો દિલદાર તમારા
કયાં હું કહું દુઃખ મારૂં સુંદર શામ૦
આસપાસ નહિં વાસ નિહાળુ—અંહહં. ત્રિભુવન ભા
સતુ કાળુ;
નિરખુ નહિં કદિ મુખડું રસાળુ--જઇ હિમાલય ગાત્ર
હું ગાળું
સાક્ષી દેવ દયાળુ—સુંદર૦

અમરસિંહ— ૩૧

અરર અરર મધુરી નાર કયાં મળાય;
અજબ ગજબ હાયરે હાય ના બળાય!
આહાહાહા હૈયું હાથથી જાય,
અરેરેરે હરિ હાય શું થાય—અરર૦

પ્રિયા નથી, પલંગ નથી, વેણુની વીણા હા નથી,
માનુની સુરત બદલ જંગલ ભાળીને બુદ્ધિ ચળી જંતી;
મરૂં કે જીવું કે શું કરૂં, સૂજે હવે ન હાય હાય;
વિયોગ વ્હાલીનો થતાં, સદા ચિત્ત લ્હાય લ્હાય.
બ્રહ્માંડ——તોડું——ફોડું—અર૨૦

૩૨

ધમલો—જાલમસિંહ—

જોઇ લેજો જગના બાવા, છે આજકાલ જે ચાવા;
ધરે ભેખ ધુતીને ખાવા, જ્યાં ત્યાં હાવાને આવા—
જોબનવંતી જળ ભરતી ત્યાં જાશે બાવા ન્હાવા;
રાંડી રાડના ઘરમાં પેશી બાવા બેસે ગાવા,
બાઈ લાગે તાળ બજાવવા ભાઇ અને ભજન સંભળાવા—
વિરલા ભેખ ધરે છે ભાઈ, ભગવત ભેટો થાવા;
બહુ તો બાવા માયા માટે કે ભામા ભરમાવ—
નારીને નીરખીને લાગે, બાવા નેન નચાવા;
મસ્ત થઈ મ્હાલે પર પૈસે કયાં જાવું છે કમાવા-જોઈ

વીણા—

૩૩

કરે કામની શું સંસારે, વારે વારે પતિને સંભારે
બધી આળ પંપાળ વિસારે, પતિરામનું નામ ઉચ્ચારે-
ભલેને દાબો બ્રહ્માંડ ભારે ભલેને કાપો તીક્ષણ ધારે-
દેહ ગેહ શુદ્ધિ નહિં તુટી ગઇ જગ પ્રીત,

ગોરી તો ગાતી ફરે, રસીઆનું રસગીત;
ખાન પતિનું ને પાન પતિનું ગાન પતિ ગુલતાન
એક મુકે નહિં ટેક પેરાવે છેક શુળી સુલતાન—

સઘળા ૩૪

છત્રપતિ છો જાણુ, ગુણુની ખાણુ, જગ આરામ,
સિંહાસન શોભે સ્યામ—
કીર્ણુ વીમળ જગત જાણુ; વિવિધ રંગ કરૂણાદાન,
નમી નમી નિત્ય ધરીએ ધ્યાન
દીન મણી ધણી જગત પ્રાણ—

અમરસિંહ—

રાજકઠીઆરાની વાર્તા.

નાચનારીઓ— ૩૫

અરે વાહ છાયો સ કળ ભુવન ગગન આનંદ ધન
અરે વાહ થયાં મગન મગન જગત સજન મંન
પોતે પ્રભુજી પ્રસન્ન
ધન્ય સુંદરી, કીર્તિ તું વરી
વાહ વાહ વાહ—પ્રબળા—અબળા—

અંક ત્રીજો.

સાધુઓ— ૩૬

જગત તું જાન હે સપના સમજ દીલ કોઈ નહિ અપના—
ચડે જબ કાલકી ફોજાં ખરોખર હય ભલા ખપના
ઘડા એકનીરકા ફુટા પત્તા એક ડાલસે તુટા
એસી નર જાન જીંદગાની છુપાકે કોનજગે છુપના

વીણા— ૩૭

વ્હાલા બોલો તમે—લાલા૦—કેમ રસીઆ રોસાણા
બોલી કે ચાલી નથી—આડી હું હાલી નથી
નીતિને ટાળી નથી—નાથ—વ્હાલા૦
રે રઢીઆળા રાજવી, દેવાંશીના અંશ
હસવું તારૂં મન્દ વસ્યું ચિતહર ચાતુર હંસ
વૈભવમાં મુજ મરજી નથી—મ્હોલ માળાની ગરજી નથી
ઝાંઝર ઝુમણાની અરજી નથી—માગું ન નાણું રસીક વરજી
માગું છું બોલ વ્હાલા—બોલો૦

વીણા— ૩૮

રે રઢીઆળા—રઘુવીર જગધારજો
આજીજી આ અબળાની—અવધારજોરે
હું દીન બાળા કોપ્યા કંથ કુમારજો—
વાદળ વરસે રૂધીર મુશળ ધારજો—
ભલે આ જીવ જાય બ્રહ્માંડ માંહિ
કદી નાથ આગ્નાજ લોપીશ નાંહિ

સતી સંત જીવે પતિ ગુણ ગાઇ
સતીની ગતિ છે પતિ હાથ સ્હાઇ
રે દીનબંધુ—જાળવજો જરથારજો
છેવટના છે પ્રણામ પ્રાણાધારજો—

૩૯

વેલી-તાનતોલખાં—

પ્યારે તોરે અંગમે ફુલનકી બહાર હય—સૈયા૦
ફુલનકે બાજુબંધ ફુલનકે ગજરા.
ઓર સોહે ફુલનકા ગલે હાર હય—પ્યારે૦
નેના કમલ ઓર ચહેરા ગુલાબ હય
ગોરે ગોરે ગાલ સૈયાં ગુલે અનાર હય—પ્યારે૦

વીણા—ઘટઘટમાં તીરથ રહ્યાં, ઘટમાં આતમરામ;
પ્રેમી મન તીરથ વસે પ્રીતમ સાલંગરામ-ઘટમાં૦

દાઝયો ભૂંડા દૂધથી, છોડે છે શીદ છાશ;
સાહસ કરતાં પ્રાણીઓ, સુખનું સત્યાભાશ—છોડે૦

૪૦

વીણા—અમરસિંહ—

છોડારે કુંવર મારા હાથને
અમે જપીએ નિત્ય નાથ—છોડો૦
આઘા રહો અલબેલડારે અમે જોગીઓનાં બાળ.

સંસારને ઝેર જાણીએ છે પ્રપંચ પ્રેમ જાળ,
બાળા અમે અજાનાથ—છોડો૦
જોયા પ્રજાના નાથ તમેરે, તજી બાળા અનાથ;
સંસાર જેણે સુધારીઓ સ્હેજે તોડયો તેનો સાથ-છોડો૦
રાજા રમી રહ્યા વ્હેમમાં રે ભુલી સ્નેહ ને સંબંધ,
હવે તે કરૂં શું હાય યોગીનિ, પામું પ્રેમદા પ્રસંગ-છોડો૦

વીણા—ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ;
કૃપા કરી શ્રીરામ તો, સંત પામતા અંત.

તન વાડી મન કેવડો, પ્રીતિ અમૃત વેલ;
પ્રાણ પુરૂષના બાગમાં ભાગ્યદેવી જઈ મેલ.

૪૧

વીણા-અમરસિંહ—
આઆઆ બાળા-શિખામણ શાળા-ગુણમણિ માળા
માનુની માનું-તમારો કેટલો આભાર.
આઆઆ છોગાળા-રસીઆ રસાળા-ચાલવો શું ચાળા
પ્યારા મારા-ક્યા સરોવર શૃંગાર—
મૂરખે નાંખી હતી માલતી વખાર
થઈ બેઠી ગુણથી છે હૃદય હાર—આઆ૦
કસોટીએ કસો સોનું લાખવાર
શાણાજી સોનાર તમારો અધિકાર—આઆ૦

ચેલી— ૪૨

અભિમાન કદિ નવ કરીએ
પથ્થર લઈ કહો કેમ તરીએ
ડુબે જગત દરીએ—અભિમાન૦
સમય સમજ બળવાન જગતમાં
વિદ્યા નિત વરીએ—અરે૦—અભિમાન૦
મોતી માની મન કર્યું નીકળ્યું ઝાકળ નીર
સોનું સમજી સોંપ્યું કર્મે નીવડ્યું કથીર
સુઘડ નાર નર સુખે—સુનારો
હરદમ ચિત ધરીએ—અરે૦—અભિમાન

સધળા— ૪૩

આહ આજે જયજયકાર આહ—વાહરે—વાહ—આહા
નાચે મન છનનનન—આહ૦
તાનાના દીરદીર તાના દીમ તનુમ—દીમ તનુમ—દેરેના
દીમ તુમ તનનનન—આહા૦
મધનીસા—ધનીસા—સાનીધમ—ધનીસાં
ગમ ગપ મધ પની ધસાની ધપગ—આહાં જયજય

સમાપ્ત

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં પ્રસિદ્ધકર્તા પાસેથી અથવા મુંબાઇમાં શેઠજી મણીભાઇ પ્રેમાભાઇની દુકાને રા. રા. ભોળાભાઇ છગનલાલ પાસેથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવાં. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળ રાખવામાં આવશે નહિ.

				રૂ. આ. પા.
૧	સતી સંયુક્તા નાટકનાં ગાયનો.	(આવૃત્તી	પાંચમી)	૦—૨—૦
૨	સંગીત લીલાવતી નાટકનાં ગાયનો.	,,	પાંચમી)	૦—૨—૦
૩	પવિત્ર લીલાવતી નાટકનાં ગાયનો.	,,	છઠ્ઠી)	૦—૨—૦
૪	સતી પાર્વતી નાટકનાં ગાયનો.	,,	ત્રીજી)	૦—૨—૦
૫	અશ્રુમતી નાટકનાં ગાયનો.	,,	અગીઆર)	૦—૨—૦
૬	રામ વિયોગ નાટકનાં ગાયનો.	,,	પાંચમી)	૦—૨—૦
૭	મ્યુનીસીપાલ ઇલેક્શન નાટકનાં ગા૦	,,	બીજી)	૦—૨—૦
૮	ભોજકુમાર નાટકનાં ગાયનો.	,,	ચોથી)	૦—૨—૦
૯	સરદારબા નાટકનાં ગાયનો.	,,	સાતમી)	૦—૨—૦
૧૦	ઉમાદેવડી નાટકનાં ગાયનો.	,,	પાંચમી)	૦—૨—૦
૧૧	વિજયા વિજય નાટકનાં ગાયનો.	,,	ચોથી)	૦—૨—૦
૧૨	મદન મંજરી નાટકનાં ગાયનો.	,,	પહેલી)	૦—૨—૦
૧૩	ઉદય ભાણુ નાટકનાં ગાયનો	,,	છઠ્ઠી)	૦—૨—૦
૧૪	મોહિની—ચંદ્ર નાટકનાં ગાયનો	,,	ચોથી)	૦—૨—૦
૧૫	વિજય-કમળા નાટકનાં ગાયનો.	,,	બીજી)	૦—૨—૦

શ્રી દેશી નાટક સમાજ.

ઠે. શ્રી શાન્તિભવન થીએટરમાં—અમદાવાદ.